# મુસ્લિમ કર્મચારીઓને શુક્રવારે જુમ્મા પ્રાર્થના માટે રજા

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ ખાતુ
સચિવાલય, અમદાવાદ
તા. ૨ જી જૂન, ૧૯૬૧

સરકારી પરિપત્ર નં. ઓ.એફ.ટી.-૧૦૬૧-ડી. તા. ૨-૬-૭૧

**પરિપત્ર :**

ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકીય અને સેવકગણ ખાતાના તા. ૭મી નવેમ્બર ૧૯૫૧ના સરકારી પરિપત્ર નં. ૮૯-૮૨-૪૬ અને તા. ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૫૮ના સરકારી પરિપત્ર નં. એ.એફ.ટી.-૧૦૫૮-બી તેમજ સામાન્ય વહીવટ ખાતાના તા. ૧લી મે ૧૯૬૦ના સરકારી પરિપત્ર નં. જી.એસ.એફ. ૧૦૬૦ તરફ નીચે દર્શાવેલા અધિકારીઓ અને ખાતાઓનું ધ્યાન દોરવામાં આવે છે કે સરકારના મુસ્લિમ કર્મચારીઓ જો તેમની જુમ્મા પ્રાર્થના માટે કચેરીઓમાંથી જવાની રજા માગે તો શુક્રવારના રોજ તેમના અનુકૂળ સમયે તેમને બપોરના ભોજનાલયનો વિરામ ભોગવવાની રજા આપવી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
**એસ. સી. જાડેજા**
ઉપ સચિવ, સામાન્ય વહીવટ ખાતુ
નં. જનરલ ૧૫૦૧ તા. ૨૧-૧૧-૬૧
શિક્ષણાધિકારીની કચેરી, કચ્છ-ભૂજ
તા. ૨૧-૧૧-૬૧

નકલ જાણ થવા રવાના જય ભારત સાથે

૧. કચ્છની તમામ માધ્યમિક શાળા તથા ટ્રેઈનીંગ કોલેજોના વડાઓ તરફ

૨. તાલુકા શાળાના મુ. શિ. તરફ જય ભારત સાથે તમારે તમારા વિભાગની શાળાઓ ને ઉપલા પરિપત્રથી પરિચિત કરી યોગ્ય અમલ કરવા જણાવવું.

**ન. પી. કુરેશી**
શિક્ષણાધિકારી, કચ્છ-ભૂજ

★★★

# પ્રાથમિક શાળાઓમાં રમજાન નિમિત્તે શિક્ષકોને છૂટછાટ આપવા બાબત

ક્રમાંક : પી.આર.ઈ.-૮૧૦૬૮-૩૬૪૯-૬
શિક્ષણ અને મજૂર વિભાગ
ગાંધીનગર, તા. ૨૭ જુલાઈ-૭૧

પ્રતિ,
શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદ.

ઉપરોક્ત વિષયના આપના તા. ૧૫-૪-૭૧ના પત્ર ક્રમાંક ૨૯-૫નસ-૭/૭૦-૭૧ ના સંદર્ભમાં જણાવવાનું કે સરકારી પરિપત્ર ક્રમાંક એ.એફ.ટી.-૧૦૬૧-ડી. તા. ૨-૬-૭૧ અન્વયે મુસ્લીમ કર્મચારીઓને શુક્રવારના દિવસે જુમ્મા પ્રાર્થના માટે વિરામનો સમય અનુકુળ સમયે લેવાની છૂટ આપવામાં આવે છે. આ સિવાય રમજાન માસમાં મુસ્લિમ કર્મચારીઓને માટે કચેરીના સમય બાબત કોઈ નિયમો નથી.

ક. પી. શેલત
સેક્શન અધિકારી
શિક્ષણ અને મજૂર વિભાગ

★★★

## મુસ્લિમ વિદ્યાર્થીઓને શુક્રવારના રોજ જુમ્માની નમાજ પઢવા તેમજ રમઝાન માસ દરમિયાન નમાઝની છુટ આપવા બાબત...

ગુજરાત સરકાર

શિક્ષણ અને મજૂર વિભાગ

ઠરાવ ક્રમાંક ખ.પ.શ.-૪૩૨૨૮/૩૫-ચ

સચિવાલય, ગાંધીનગર. તા. ૧૭-૭-૧૯૮૦

**વંચાણમાં લીધો :** ભૂતપૂર્વ મજૂર સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ વિભાગ લઘુમતિ અધિકાર સમિતિની તા. ૧૯-૭-૧૯૭૪નો પત્ર ક્રમાંક : એમ.એન.સી.-૧૦૭૯-૫૪૨૫૬-૯-૮૦.

**ઠરાવ :**

મુસ્લિમ વિદ્યાર્થીઓને શુક્રવારના રોજ જુમ્માની નમાઝ પઢવા જવાની તેમજ રમઝાન માસમાં નમાઝ પઢવા જવાની પરવાનગી આપવા અંગેનો પત્ર સરકારની વિચારણા હેઠળ હતો. હવે સરકારે આ બાબતમાં નિર્ણય લીધેલ છે કે રાજ્યમાંની ખાનગી તથા જાહેર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા મુસ્લિમ વિદ્યાર્થીઓને શુક્રવારની નમાઝ તથા રમઝાન માસ દરમ્યાન નમાઝ પઢવા જવાની પરવાનગી નમાઝ માટેના મર્યાદિત સમય માટે જ આપવામાં આવે છે. તે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

ઉપર મુજબની જાણ શિક્ષણ નિયામકશ્રી તેમજ શિક્ષણ નિયામકશ્રી પ્રાથ. અને પ્રૌઢ શિક્ષણ ગુજરાત રાજ્ય અમદાવાદ તરફ તમામ સંબંધકર્તાઓને કરવામાં આવે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી

ઉપસચિવ

શિક્ષણ અને મજૂર વિભાગ

સંકલન

હાજી મહેમૂદખાન પઠાણ

ક્રમાંક : ૨૯-૫-૭-૮૦-ગુજ. ૬૬૯૦-૬૭૩૯

શિક્ષણ નિયામકની કચેરી પ્રા. પ્રૌ. શિક્ષણ

ગુજ. રાજ્ય અમદાવાદ-૧૬ તા. ૨-૮-૧૯૮૦

નકલ જાણ અને ઘટિત કાર્યવાહી સારૂ રવાના

★★★